# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "B" by NAAC(4th Cycle)

જોડાણ વિભાગ ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭

ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in


નં./જોડાણ/૧/ ૨૧૯ /૨૦૨૧

તા. ૦૪/૦૫/૨૦૨૧

સંદર્ભ:- માન.કુલાધિપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૭/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ કુલપતિશ્રીઓની વિડીયો કોન્ફરન્સ બેઠક.

પરિપત્ર:-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે કોવિડ – ૧૯ ની મહામારીના સંદર્ભમાં ૧૮ વર્ષથી ૪૫ વર્ષ સુધીના વ્યક્તિઓને તા.૧/૦૫/૨૦૨૧ થી વેક્સીન આપવાની કામગીરી સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવનાર છે. આ માટે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વેકસીન માટે વધુમાં વધુ રજીસ્ટ્રેશન કરવા પ્રેરાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવી તેમજ કોલેજ ખાતે વેક્સીનેશન કેમ્પનું આયોજન થાય તે માટે સ્થાનિક તંત્ર સાથે સંકલન સાધવા વિનંતી કરવામાં આવે છે.

તા.૨૭/૦૪/૨૦૨૦ ના રોજ માનનીય કુલાધિપતિશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ ગુજરાત રાજ્ય ના કુલપતિશ્રીઓની વિડીયો કોન્ફરન્સીંગ મીટીંગમાં પણ માનનીય કુલાધિપતિશ્રીએ ઉપર્યુક્ત બાબતે શૈક્ષણિક સંસ્થાઓ આગળ આવે તે માટે આહવાહન કરેલ છે.જેમાં થેલેસેમિયા કે અન્ય ગંભીર રોગોના દર્દીઓ માટે રકતની અછત વર્તાઈ છે.આથી કોલેજ કક્ષાએ કોવિડ – ૧૯ ની ગાઈડલાઈનનું પાલન થાય તે રીતે મેડીકલ પ્રોટોકોલ પ્રમાણે રક્તદાન કેમ્પનું આયોજન કરવા તથા કોવીડના સંક્રમણને રોકવા યુવાનોમાં જાગરૂકતા વધે તેવા પ્રયત્નો કરવા વિદ્યાર્થીઓ આગળ આવે તેવી સામાજિક ઉતરદાયિત્વ સમજી પ્રત્યેક કોલેજોએ પોતાના ક્ષેત્રમાં કામગીરી કરવા વિનંતી કરવામાં આવે છે.

(મુસદો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે.)

સહી/-
(ડો. જતીન સોની)
કુલસચિવ

રવાના કર્યુ

નાયબ કુલસચિવ
જોડાણ વિભાગ

પ્રતિ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ
નકલ સાદર રવાના-:
૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
૧. કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે....)